नमो नमो निम्मलदंसणस्स

पूज्य आनंद-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

तीर्थंकर ~ १६

# “શાંતિનાથ પરિચય”

(૧૮૫ દ્વારોમાં)

પરિચય દાતા

## મુનિશ્રી દીપરત્નસાગર

[M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

25/10/2017 બુધવાર ૨૦૭૩, કારતક સુદ ૫

તીર્થંકર પરિચય શ્રેણી~૧૬

# તીર્થંકર-૧૬ શ્રી શાંતિનાથ



# [૧૬] ભગવંત શાંતિનાથ પરિચય

● **ભૂમિકા:-**“તીર્થંકર-પરિચય-શ્રેણી” અંતર્ગત્ આ પુસ્તિકા પ્રગટ કરી રહ્યા છીએ. આ પુસ્તિકામાં આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ સંબંધી ૧૮૫ દ્વારોનો સમાવેશ કરેલો છે. આ ૧૮૫ દ્વારોમાં અમે બીજા ૨૩ તીર્થંકરોની માહિતી પણ પ્રગટ કરી છે

● **સંદર્ભ-સાહિત્ય:-** આ (૧૮૫) દ્વારોની માહિતી પ્રાપ્તી માટે અમે . **1. सोमतिलकसूरी-रचित “सप्ततिशतस्थान प्रकरण” 2. “आवश्यक” निर्युक्ति, 3.“आवश्यक” वृत्ति, 4. प्रवचन सारोद्धार, 5. तित्थोद्‌गालिय पईण्णग, 6. “त्रिषष्ठीशलाकापुरुष”-चरित्र, 7. “चउपन्नमहापुरुष”चरिय, 8.‘समवाय’ चतुर्थ-अङ्गसूत्र**, **9.**આગમ-કથાનુયોગ વગેરે શાસ્ત્ર કે ગ્રંથોનો ઉપયોગ કરેલ છે

● **ઈતિહાસ:-** લગભગ સન **2001** થી આ પુસ્તિકા તૈયાર કરવાની વિચારણા કરેલ હતી, પણ “આગમ-શાસ્ત્રો”ના કાર્યોમાં એટલો બધો સમય વ્યતીત થતો હતો કે આ કાર્ય હાથ પર જ લેવાતું ન હતું.

મારા **561** પુસ્તક-પ્રકાશન પછી કંઇક હળવાશ જણાતા હવે આ કાર્ય થઇ શકેલ છે. **“सप्ततिशतस्थान प्रकरण”** એ પુસ્તિકાનો પાયો છે, છતાં અમે માત્ર તેના આધારે જ ચાલ્યા નથી, અમે આવશ્યક-નિર્યુક્તિ, તિર્થોદ્ગાલિક પયન્નો, પ્રવચન-સારોદ્ધાર વગેરે ગ્રંથોમાંથી બીજા દ્વારો લીધા પણ છે અને આ ગ્રંથના કેટલાક દ્વારો છોડ્યા પણ છે.

# ●પાઠાંતર-ઉલ્લેખ:-

અહીં બધાં દ્વારની માહિતીનો મુખ્ય સ્રોત **सप्ततिशतस्थानप्रकरण** છે, પરંતુ એક સ્પષ્ટીકરણ જરૂરી છે કે અહીં નોંધેલ બધી જ સંખ્યા શાશ્વત જ છે, તેમ કહી ન શકાય. ગણધર ભગવંતો, શ્રમણ, શ્રમણી આદિની સંખ્યાના બીજા પાઠો પણ મળે છે, જેમકે-

ભગવંત 'અજિત'ના ગણધરો અહીં ૯૫ કહ્યા છે પણ 'સમવાય' સૂત્રમાં ૯૦ બતાવે છે, એ જ રીતે ભ૦ 'સંભવ'ના ગણધરો ૧૦૨ કહ્યા પણ 'તિર્થોદ્ગાલીક 'સૂત્રમાં ૯૫ કહ્યા છે. ભ૦ સુવિધિ ના ગણધરો વિષે ૮૮, ૮૪, ૮૬ ત્રણ પાઠ મળે છે. વળી કુલ ગણધર સંખ્યામાં પણ ભેદ જોવા મળેલ છે- પ્રવચન સારોદ્ધાર-૧૪૫૨, આવશ્યકનિર્યુક્તીમાં ૧૪૪૮, 'તિર્થોદ્ગાલીક'માં ૧૪૩૪ કુલ ગણધર-સંખ્યા બતાવે છે.

આ જ પ્રમાણે શ્રમણ-શ્રમણી આદિ સંખ્યામાં પણ કોઈ- કોઈ પાઠાંતરો જોવા મળેલ છે. જેમકે:-- ભગવંત 'અજિત'ના મન:પર્યવજ્ઞાની ૧૨૫૦૦ અને ૧૨૫૫૦ બંને મળે છે, ભ.સંભવ ના શ્રાવિકાના ૫૩૬૦૦૦ અને ૬૩૬૦૦૦ બંને પાઠ મળે છે. ભ. સુવિધિના શ્રમણી ૧૨૦૦૦૦ અને ૩૦૦૦૦૦ બંને પાઠ છે.

ભગવાન મલ્લીનાથના દીક્ષા-દિવસ, કેવળજ્ઞાન-દિવસ, અને કેવળજ્ઞાન-સમય સંબંધી પાઠાંતરો તો આગમમાં જ જોવા મળે છે.ત્યાં વૃત્તિકારશ્રીએ પણ આ ઉલ્લેખ કરેલ છે. આવા સર્વ પાઠાંતરો મારા 'આગમ કથાનુયોગ'માં મેં નોંધેલ છે. .....**इति अलम्.........**

*મુનિ દીપરત્નસાગર*

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧ | ભગવંતનું નામ | **શાંતિનાથ** |
| ૨ | ચોવીસીમાં આ ભગવંતનો ક્રમ | સોળમા |
| ૩ | ભગવંતના ભવો કેટલા થયા? | બાર, [૧૨] |
| ૪ | ભગવંતના સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના ભવો ક્યા ક્યા? | ૧ શ્રીષેણ રાજા<br>૨. ઉત્તરકુરુ યુગલિક<br>૩. સૌધર્મ દેવ<br>૪. અમિતસેન (અશ્વસેન વિદ્યાધર)<br>૫. પ્રાણત દેવ<br>૬. મહાવિદેહમાં બળદેવ<br>૭. અચ્યુત દેવ<br>૮. વજ્રાયુધ રાજા<br>૯. નવમે(અથવા ત્રીજે) ગ્રૈવેયકે દેવ<br>૧૦. મેઘરથ રાજા<br>૧૧. સર્વાર્થસિદ્ધ દેવ<br>૧૨. શાંતિનાથ |
| | પૂર્વોત્તરભવે ભગવંત જ્યાં હતા | |
| ૫ | ---તે દ્વીપનું નામ | જમ્બૂદ્વીપ |
| ૬ | ---તે દ્વીપના ક્ષેત્રનુ નામ | જમ્બૂપૂર્વવિદેહ |
| ૭ | ---તે ક્ષેત્રની દિશાનું નામ | સીતાનદીની ઉત્તરે |
| ૮ | ---તે ક્ષેત્રની વિજયઆદિનું નામ | પુષ્કલાવતી |
| ૯ | ---ત્યાંની ‘નગરી’નુ નામ | પુંડરીકિણી |
| ૧૦ | ભગવંતનું પૂર્વોત્તર-ભવનું નામ | મેઘરથ |

## [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં]

| | | |
|---|---|---|
| ૧૧ | ભ૦ પૂર્વોત્તર-ભવનું રાજવીપણું | માંડલિક રાજા |
| ૧૨ | ભ૦ પૂર્વોત્તર-ભવના ગુરુનું નામ | ધનરથ |
| ૧૩ | ભગવંતના 'તીર્થંકરનામકર્મબંધ' ના કારણો. (૨૦ સ્થાનકો)...... આ (૨૦) સ્થાનકોમાંના કોઇપણ એક, એકથી વધુ કે વીશે (૨૦) સ્થાનકોની આરાધનાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. | ૧.અરિહંત—વત્સલતા,<br>૨.સિદ્ધ—વત્સલતા,<br>3.પ્રવચન—વત્સલતા,<br>૪.ગુરુ—વત્સલતા,<br>૫.સ્થવિર--વત્સલતા,<br>૬.બહુશ્રુત--વત્સલતા,<br>૭.તપસ્વી--વત્સલતા<br>૮.નિરંતર જ્ઞાનોપયોગ,<br>૯.નિરતિચાર દર્શન,<br>૧૦.વિનય,<br>૧૧.આવશ્યક<br>૧૨.નિરતિચાર શીલ,<br>૧૩.નિરતિચાર વ્રત,<br>૧૪.ક્ષણ લવ સમાધિ,<br>૧૫.તપ સમાધિ,<br>૧૬.ત્યાગ સમાધિ,<br>૧૭.વૈયાવચ્ચ સમાધિ<br>૧૮.અપૂર્વજ્ઞાનગ્રહણ<br>૧૯.શ્રુતભક્તિ<br>૨૦.પ્રવચન પ્રભાવના |
| ૧૪ | ભ૦ પૂર્વોત્તર-ભવનું શ્રુત | અગિયાર અંગ. |
| ૧૫ | ભ૦ પૂર્વભવે ક્યા સ્વર્ગમાં હતા | સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાને |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧૬ | પૂર્વભવે સ્વર્ગમાં ભ૦ નુ આયુષ્ય | ૩૩ સાગરોપમ |
| ૧૭ | ચ્યવન માસ-તિથી (શાસ્ત્રીય)<br>ચ્યવન માસ-તિથી (ગુજરાતી) | ભાદરવા વદ ૭<br>શ્રાવણ વદ ૭ |
| ૧૮ | ભ૦ નુ ચ્યવન નક્ષત્ર | ભરણી |
| ૧૯ | ભ૦ ની ચ્યવન રાશિ | મેષ |
| ૨૦ | ભ૦ નો ચ્યવન કાળ | મધ્ય-રાત્રી |
| ૨૧ | ભગવંત ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ જોયેલ ૧૪ સ્વપ્ન<br>[*અહી ૧૪ સ્વપ્નનો ક્રમ સર્વે તીર્થંકરને આશ્રીને નોંધ્યો છે પણ ઋષભદેવની માતાએ ૧લે સ્વપ્ને ‘વૃષભ’ જોયેલો ] | ૧.હાથી, ૨.વૃષભ,<br>૩.સિંહ, ૪.લક્ષ્મી,<br>૫.પુષ્પમાળા, ૬.ચંદ્ર,<br>૭.સૂર્ય, ૮.ધ્વજ,<br>૯.પૂર્ણકળશ,<br>૧૦.પદ્મસરોવર,<br>૧૧.ક્ષીરસમુદ્ર,<br>૧૨.દેવવિમાન,<br>૧૩.રત્ન-રાશિ.<br>૧૪.નિર્ધૂમઅગ્નિ |
| ૨૨ | સ્વપ્નફળનું કથન કોણે કર્યું? | પિતા અને સ્વપ્નલક્ષણ પાઠક. |
| ૨૩ | માતામુખેથીસ્વપ્નો પાછા ફરવા | આ ઘટના બની નથી |
| ૨૪ | *વિશેષ* “ગર્ભસંહરણ” | આ ભગવંતના ગર્ભનું સંહરણ થયું ન હતું. |
| ૨૫ | માતાનો ગર્ભ-આકાર | ગર્ભ પ્રચ્છન્ન હોવાથી માતાના પેટનો આકાર બદલાતો નથી |
| ૨૬ | ભ૦ ચ્યવન થયું તે માતાનુ નામ | અચિરા દેવી |
| ૨૭ | આ ભ૦ ગર્ભમાં અભિગ્રહ કરેલો? | કરેલો નથી |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૨૮ | ભ૦ ની ગર્ભસ્થિતિ | ૯ માસ ૬ દિવસ |
| ૨૯ | ભ૦ નુ જન્મ નક્ષત્ર | ભરણી |
| 30 | જન્મ માસ-તિથી (શાસ્ત્રીય)<br>જન્મ માસ-તિથી (ગુજરાતી) | જેઠ વદ ૧૩<br>વૈશાખ વદ૧૩ |
| ૩૧ | ભ૦ ની જન્મ રાશિ | મેષ |
| ૩૨ | ભ૦ નો જન્મ કાળ | **મધ્ય-રાત્રી** |
| ૩૩ | જન્મ વખતે કયો આરો હતો? | ચોથા આરાના ઉત્તરાર્ધમાં |
| ૩૪ | આ ભગવંતના જન્મવખતે કયો કાળ હતો? | **પોણો પલ્યોપમ ૬૬ લાખ ૮૪૦૦૦ વર્ષ ૮૯ પક્ષ ચોથા આરો બાકી રહ્યો ત્યારે** |
| ૩૫<br>૩૬ | આ ભગવંત ક્યા ‘દેશ’ની કઈ ‘નગરી’માં જન્મ પામ્યા? | કુરુદેશ<br>ગજપુર |
| ૩૭<br>૩૮ | ભગવંતના જન્મ સમયે ૫૬ દિક્ કુમારીઓનું આગમન અને કાર્યો<br>[ભગવંતનો જન્મ થાય ત્યારે... કેટલી દીક્કુમારીઓ ક્યાંથી આવે અને શું શું કાર્ય કરે? .............. .................તેનું સંક્ષિપ્ત વર્ણન] | ૧.અધોલોક્થી ૮ દિશાકુમારી આવે, . સુતિકા ઘર બનાવે, ભૂમિ-શુદ્ધિ કરે<br>૨.ઉર્ધ્વલોકથી ૮ આવે . સુગંધીજળ, . અને સુગંધી-પુષ્પ વૃષ્ટિ કરે<br>૩.પૂર્વરુચકથી ૮ આવે, દર્પણ ધરે<br>૪.પશ્ચિમરૂચકથી ૮ આવે, પંખા કરે<br>૫.ઉત્તરરૂચકથી ૮ આવે, ચામરધરે<br>૬.દક્ષીણરૂચકથી ૮ આવે, કળશ કરે<br>૭.મધ્યરૂચકથી ૮ આવે, ૪-દીપકધરે . અને ૪-સૂતીકર્મ કરે |
| ૩૯ | જન્માભિષેક સ્થળ | પાંડુકવનની દક્ષિણમાં અતિપાંડુકંબલશિલા પર |

# [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં]

| | | |
|---|---|---|
| ૪૦ | ભગવંતના જન્મ સમયે કેટલા ઇન્દ્રો આવે? ક્યા-ક્યા? | તે સમયે ૬૪ ઇંદ્રો આવે તે આ➔<br>- ૧૨ 'કલ્પ'ના ૧૦ ઇન્દ્રો,<br>- ૨ (પ્રકારે) જ્યોતિષ્કના ઇન્દ્રો<br>. [સૂર્ય અને ચંદ્ર]<br>- ૨૦ ભવનપતિના ઇન્દ્રો<br>- ૩૨ વ્યંતરોના ઇન્દ્રો |
| ૪૧ | ભગવંતના જન્મ સમયે આવેલા ઇન્દ્રો શું કાર્યો કરે? સંક્ષિપ્ત વર્ણન | ૧.પ્રભુ જેવું પ્રતિબીંબ રચવું<br>૨.સૌધર્મેન્દ્ર પાંચ રૂપ વિકુર્વે<br>૩.ઇંદ્ર પ્રભુને ખોળામાં સ્થાપે<br>૪.ચોસઠ ઇંદ્ર ૧૦૦૮ કલશો વડે .<br>. પ્રભુને સ્નાન કરાવે.<br>૫.ગોશીર્ષચંદનથી વિલેપન<br>૬.પુષ્પાદિથી અંગપૂજા<br>૭. પ્રભૂને વસ્ત્ર પહેરાવે<br>૮. પ્રભૂને અલંકારપહેરાવે<br>૯.પ્રભૂ-અંગુઠે અમૃત સિંચી, પ્રભુને<br>. તેની માતા પાસે મૂકે<br>૧૦. બત્રીશ કરોડ સોનૈયાની વૃષ્ટિ<br>. અને ઉદ્ઘોષણા કરે |
| ૪૨ | ભ૦ ના જન્મદાતા માતાનું નામ | અચિરા દેવી |
| ૪૩ | ભગવંતના પિતાનું નામ | વિશ્વસેન રાજા |
| ૪૪ | આ ભગવંતની જાતિ કઈ હતી? | પુરુષ |
| ૪૫ | ભગવંતના માતાની ગતિ | સનત્કુમાર દેવલોકમાં |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૪૬ | ભગવંતના પિતાની ગતિ | સનત્કુમાર દેવલોકમાં |
| ૪૭ | ભગવંતનું અન્ય નામ [હોય તો?] | માહિતી નથી |
| ૪૮ | ભગવંતનું ગોત્ર | કાશ્યપ. |
| ૪૯ | ભગવંતનો વંશ | ઇક્ષ્વાકુ. |
| ૫૦ | ભગવંતનું લંછન | મૃગ |
| ૫૧ | ભગવંતના નામનો સામાન્યઅર્થ | શાંતિ કરવાવાળા હોવાથી શાંતિ |
| ૫૨ | ભગવંતના નામનો વિશેષ અર્થ | દેશમાં રહેલ અશિવ (ઉપદ્રવાદિ)ને દૂર કરનાર અને શાંતિના કરનાર હોવાથી શાંતિ |
| ૫૩ | આ ભગવંતને મસ્તકે ફણા છે? છે તો કેટલી હોય છે? | ફણા નથી<br>--------- |
| ૫૪ | ભગવંતના શરીર લક્ષણો | ઉત્તમ ૧૦૦૮ લક્ષણયુક્ત |
| ૫૫ | ભગવંતનું સંઘયણ | અનુત્તર વજ્રઋષભનારાચ |
| ૫૬ | ભગવંતનું સંસ્થાન | અનુત્તર સમચતુરસ્ર |
| ૫૭ | ગૃહસ્થપણામાં કેટલું જ્ઞાન હોય? | મતિ, શ્રુત, અવધિજ્ઞાન |
| ૫૮ | ભગવંતનો ગણ | માનવ |
| ૫૯ | ભગવંતની યોનિ | હસ્તિ |
| ૬૦ | ભગવંતનો વર્ણ | પીત (કંચન) |
| ૬૧ | ભગવંતનું રૂપ | સર્વોત્કૃષ્ટ, દેદિપ્યમાન [બધા દેવ એકઠા થાય તો પણ પ્રભુના અંગુઠા પ્રમાણ જેટલું રૂપ ન વિકુર્વી શકે] |
| ૬૨ | ભગવંતનું બળ | અનંતબળ [વાસુદેવ કરતાં ચક્રવર્તીનુ બળ બમણું હોય,તેથી અનંતગણું બળ તીર્થંકરનું હોય. |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૬૩ | ઉત્સેધાંગુલ વડે ભ૦ ની ઉંચાઈ | ૪૦ ધનુષ |
| ૬૪ | આત્માંગુલ વડે ભ૦ ની ઉંચાઈ | ૧૨૦ આંગળ |
| ૬૫ | પ્રમાણાંગુલ વડે ભ૦ ની ઉંચાઈ | ૯ આંગળ ૩૦ અંશ |
| ૬૬ | ભગવંત નો આહાર | બાલ્યાવસ્થામાં ઇન્દ્રએ અંગુઠે મુકેલ અમૃત, પછી ઓદનાદિ વિશિષ્ટ અન્ન |
| ૬૭ | ભગવંતના વિવાહ | વિવાહ થયેલા હતા |
| ૬૮ | ભગવંતે વિષયસેવન કરેલું? | સ્વપત્નીઓ સાથે કરેલું |
| ૬૯ | ભગવંતની [રાજ]કુમાર અવસ્થા | ૨૫ હજાર વર્ષ |
| ૭૦ | ભગવંતનો રાજ્ય-કાળ | ૨૫ હજાર વર્ષ |
| ૭૧ | ચક્રવર્તી હતા કે માંડલિક રાજા | ચક્રવર્તી રાજા |
| ૭૨ | ભગવંત કઈરીતે બોધ પામ્યા | તેઓ સ્વયંબુદ્ધ હતા |
| ૭૩ | દીક્ષા-અવસર જણાવવા આવતા લોકાંતિક દેવો | બ્રહ્મદેવલોકે રહેલા અર્ચિ:, અર્ચિમાલી, વૈરોચન આદિ નવ (પ્રકારે) લોકાંતિક દેવો આવી પ્રભૂને દીક્ષાનો અવસર જણાવે છે. |
| ૭૪ | ભ૦ રોજ કેટલું વર્ષીદાન આપે? | પ્રતિદિન ૧ ક્રોડ, ૮ લાખ |
| ૭૫ | ભ૦ વર્ષે કેટલું વર્ષીદાન આપે? | ૩૮૮ ક્રોડ, ૮૦ લાખ સોનૈયા |
| ૭૬ | ભગવંત ક્યારે વર્ષીદાન આપે? | સૂર્યોદયથી મધ્યાહ્ન વર્ષીદાન આપે |
| ૭૭ | દીક્ષા માસ-તિથી (શાસ્ત્રીય)<br>દીક્ષા માસ-તિથી (ગુજરાતી) | જેઠ વદ ૧૪<br>વૈશાખ વદ ૧૪ |
| ૭૮ | દીક્ષા નક્ષત્ર | ભરણી |
| ૭૯ | દીક્ષા રાશિ | મેષ |
| ૮૦ | દીક્ષા કાળ | દિવસના પશ્ચિમ ભાગે |
| ૮૧ | દીક્ષા વખતે કરેલ તપ | છઠ્ઠ ભક્ત |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૮૨ | દીક્ષા વય | પાછલી વયમાં દીક્ષા,<br>રાજ્ય ભોગવીને દીક્ષા |
| ૮૩ | દીક્ષા વખતની શીબિકાનુ નામ | સર્વાર્થા |
| ૮૪ | ભ૦ સાથે કેટલાએ દીક્ષા લીધી? | ૧૦૦૦ પુરુષો |
| ૮૫ | ભગવંત ક્યા લિંગે નીકળ્યા? | તીર્થંકર લિંગે નીકળ્યા<br>અન્યલિંગ કે કુલિંગે નહીં |
| ૮૬ | કઈ નગરીથી દીક્ષાર્થે નીકળ્યા? | ગજપુર |
| ૮૭ | દીક્ષા લીધી તે વન કયું હતું? | સહસ્રામ્રવન |
| ૮૮ | દીક્ષા ક્યા વૃક્ષ નીચે લીધી? | અશોક વૃક્ષ |
| ૮૯ | કેટલી મુષ્ટિ(મુઠ્ઠી) લોચ કર્યો? | પાંચ મુષ્ટિ (મુઠ્ઠી) |
| ૯૦ | દીક્ષા લેતા જ ઉપજેલ જ્ઞાન | મન:પર્યવજ્ઞાન |
| ૯૧<br>૯૨ | દીક્ષા વખતે દેવદૂષ્ય (વસ્ત્ર)કોણે આપ્યું? કેટલો વખત રહ્યું? | ઇન્દ્રે પ્રભુના ખભે સ્થાપ્યું. સાધિક એક વર્ષ, બીજા મતે યાવજ્જીવ. |
| ૯૩ | ભ૦ પ્રથમ પારણું શેનાથી થયું? | પરમાન્ન (ખીર) |
| ૯૪ | પ્રથમ પારણું ક્યારે થયું? | બીજા દિવસે. |
| ૯૫ | પ્રથમ પારણું ક્યાં થયું? | મંદિરપુર |
| ૯૬ | પ્રથમ ભિક્ષાદાતા કોણ હતા? | સુમિત્ર |
| ૯૭ | પ્રથમ ભિક્ષાદાતાની ગતિ | તે ભવે કે ત્રીજા ભવે મોક્ષ<br>(આવશ્યક નિર્યુક્તિ ૩૩૪) |
| ૯૮ | પ્રથમ ભિક્ષા-પ્રાપ્તિકાળે પ્રગટ થતાં પાંચ દિવ્ય | ૧.'અહોદાન' ઉદ્ઘોષણા<br>૨.દિવ્ય વાજિંત્રનાદ<br>૩.સોનિયાની વૃષ્ટિ<br>૪.સુગંધી જળ+પુષ્પ વૃષ્ટિ<br>૫.વસ્ત્ર વૃષ્ટિ. |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૯૯ | વૃષ્ટિ થતાં સોનૈયાનું પ્રમાણ | સાડા બાર કરોડ સોનૈયા |
| ૧૦૦ | ભ૦ના શાસનમાં થતો ઉત્કૃષ્ટતપ | આઠ માસ. |
| ૧૦૧ | આ ભગવંતની વિહારભૂમિ | આર્ય ભૂમિ. |
| ૧૦૨ | ભ૦ કેટલો કાળ છદ્મસ્થ રહ્યા? | ૧ વર્ષ |
| ૧૦૩ | કેવળજ્ઞાન માસ-તિથી(શાસ્ત્રીય)<br>કેવળજ્ઞાન માસ-તિથી(ગુજરાતી) | પોષ સુદ ૯<br>પોષ સુદ ૯ |
| ૧૦૪ | કેવળજ્ઞાન નક્ષત્ર | ભરણી |
| ૧૦૫ | કેવળજ્ઞાન રાશિ | મેષ |
| ૧૦૬ | કેવળજ્ઞાન કાળ | દિવસના પૂર્વ ભાગે |
| ૧૦૭ | કેવળજ્ઞાન થયું તે સ્થાન ક્યું? | ગજપુર |
| ૧૦૮ | કેવળજ્ઞાન થયું તે વન ક્યું? | સહસ્રામ્રવન |
| ૧૦૯ | કેવળજ્ઞાન ક્યાવૃક્ષ નીચે થયું? | નંદીવૃક્ષ |
| ૧૧૦ | કેવળજ્ઞાનવૃક્ષની ઊંચાઈ કેટલી? | ભગવંત શરીરથી ૧૨ ગણું.<br>(૪૦ x ૧૨= ૪૮૦ધનુષ) |
| ૧૧૧ | કેવલજ્ઞાન કાળે પ્રભુજીનો તપ | છઠ્ઠભક્ત |
| ૧૧૨ | ભગવંતના ૩૪ અતિશયો | જન્મથી ૪, દેવો વડે કૃત્ ૧૯, છાદ્મસ્થિક કર્મક્ષય થતાં ૧૧ અતિશયો હોય. |
| ૧૧૩ | ભ૦ વાણીના ૩૫ ગુણો | સંસ્કૃત-વચનાદિ ૩૫ ગુણો હોય તેનું વર્ણન અન્ય ગ્રંથથી જાણવું |
| ૧૧૪ | ભગવંતના આઠ પ્રાતિહાર્યો | અશોકવૃક્ષ, પંચવર્ણીપુષ્પ-વૃષ્ટિ, દિવ્યધ્વનિ, શ્વેત ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિનાદ, છત્રાતિછત્ર. |
| ૧૧૫ | ચૈત્યવૃક્ષ (પહેલું પ્રાતિહાર્ય) | ૪૦ x ૧૨= ૪૮૦ ધનુષ |

## [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં]

| | | |
|---|---|---|
| ૧૧૬ | ભગવંતની ૧૮ દોષ રહિતતા | દાન-લાભ-વીર્ય-ભોગ-ઉપભોગ પાંચે નો અંતરાય, જુગુપ્સા, ભય, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, કામભોગેચ્છા, હાસ્ય શોક, દ્વેષ, મિથ્યાત્વ, રાગ, અરતિ રતિ, એ ૧૮ દોષ ભગવંતને ન હોય |
| ૧૧૭ | તીર્થોત્પત્તિ ક્યારે થઇ? | પહેલા સમવસરણમાં |
| ૧૧૮ | આ ભગવંતનો તીર્થ-પ્રવૃત્તિકાળ | ભ૦ કુંથુનાથ સુધી |
| ૧૧૯ | આ ભ૦ માં તીર્થવિચ્છેદ કાળ | નથી |
| ૧૨૦ | આ ભ૦ ના પહેલા ગણધર | ચક્રાયુધ |
| ૧૨૧ | આ ભ૦ ના પહેલા સાધ્વી | શ્રુતિ |
| ૧૨૨ | આ ભ૦ ના પહેલા શ્રાવક | માહિતી અપ્રાપ્ય |
| ૧૨૩ | આ ભ૦ ના પહેલા શ્રાવિકા | માહિતી અપ્રાપ્ય |
| ૧૨૪ | આ ભ૦ ના મુખ્ય ભક્તરાજા | કૌણાલ |
| ૧૨૫ | આ ભ૦ ના યક્ષ | ગરુડ |
| ૧૨૬ | આ ભ૦ ના યક્ષિણી | નિર્વાણી |
| ૧૨૭ | આ ભ૦ ના ગણ | ૩૬ |
| ૧૨૮ | આ ભ૦ ના ગણધરો | ૩૬ |
| ૧૨૯ | આ ભ૦ ના સાધુઓ | ૬૨,૦૦૦ |
| ૧૩૦ | આ ભ૦ ના સાધ્વીઓ | ૬૧૬૦૦ |
| ૧૩૧ | આ ભ૦ ના શ્રાવકો | ૨,૯૦,૦૦૦ |
| ૧૩૨ | આ ભ૦ ના શ્રાવિકાઓ | ૩,૯૩,૦૦૦ |
| ૧૩૩ | આ ભ૦ ના કેવળીઓ | ૪૩૦૦ |
| ૧૩૪ | આ ભ૦ ના મન:પર્યવજ્ઞાનીઓ | ૪૦૦૦ |
| ૧૩૫ | આ ભ૦ ના અવધિજ્ઞાનીઓ | ૩૦૦૦ |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧૩૬ | આ ભ૦ ના ચૌદપૂર્વીઓ | ૮૦૦ |
| ૧૩૭ | આ ભ૦ ના વૈક્રિયલબ્ધિધરો | ૬૦૦૦ |
| ૧૩૮ | આ ભ૦ ના વાદિમુનિઓ | ૨૪૦૦ |
| ૧૩૯ | આ ભ૦ ના સામાન્યમુનિઓ | ૪૧,૪૬૪ |
| ૧૪૦ | ભ૦ ના અનુત્તરોપપાતિક મુનિ | માહિતી અપ્રાપ્ય. |
| ૧૪૧ | પ્રકીર્ણકોની રચના કેટલી થઇ? | ૬૨,૦૦૦ |
| ૧૪૨ | સાધુના વ્રતની સંખ્યા | ચાર મહાવ્રત. |
| ૧૪૩ | શ્રાવકના વ્રતની સંખ્યા | બાર વ્રત. |
| ૧૪૪ | ભગવંતમાં કેટલા ચારિત્ર છે? | ત્રણ:- :- સામાયિક, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત. |
| ૧૪૫ | આ ભગવંતમાં તત્ત્વોની સંખ્યા? | જીવ આદિ નવ અથવા દેવ,ગુરુ,ધર્મ ત્રણ |
| ૧૪૬ | આ ભગવંતમાં સામાયિક કેટલી? | ચાર- સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ, સર્વવિરતિ |
| ૧૪૭ | આ ભ૦માં પ્રતિક્રમણ કેટલા? | બે:- રાઈ, દેવસિ. |
| ૧૪૮ | રાત્રિભોજન ક્યા ગુણમાં આવે? | ઉત્તર-ગુણમાં. |
| ૧૪૯ | આ ભ૦ માં સ્થિત-કલ્પ? | શય્યાતર, ૪ વ્રત, જ્યેષ્ઠ, કૃતિકર્મ |
| ૧૫૦ | આ ભ૦ માં અસ્થિત-કલ્પ? | આચેલક્ય, ઔદ્દેશિક આદિ ૬ ભેદે |
| ૧૫૧ | આ ભ૦માં સાધુ આચારનુપાલન | સુખ બોધ્ય, સુખાનુપાલ્ય |
| ૧૫૨ | ષડાવશ્યક (પ્રતિક્રમણ) | કારણ હોય ત્યારે પ્રતિક્રમણ |
| ૧૫૩ | આ ભ૦ ના મુનિઓનું સ્વરૂપ | ૠજુ અને પ્રાજ્ઞ. |
| ૧૫૪ | ભગવંત પ્રરૂપિત ધર્મ બે ભેદે | અણગાર+અગાર કે શ્રુત+ચારિત્ર |
| ૧૫૫ | આ ભ૦ ના સાધુના વસ્ત્રનો વર્ણ | કોઇપણ વર્ણના |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧૫૬ | આ ભ૦ ના સાધુના વસ્ત્રનુ માપ | જેવા પ્રાપ્ત થાય તેવા માપના |
| ૧૫૭ | આ ભગવંતનો ગૃહસ્થ કાળ | ૭૫,૦૦૦ વર્ષ |
| ૧૫૮ | આ ભગવંતનો કેવળજ્ઞાન કાળ | **૨૫૦૦૦ વર્ષમાં ૧ વર્ષ ઓછું** |
| ૧૫૯ | આ ભગવંતનો કુલ દીક્ષા પર્યાય | ૨૫૦૦૦ વર્ષ |
| ૧૬૦ | આ ભગવંતનુ  કુલ આયુષ્ય | ૧ લાખ વર્ષ |
| ૧૬૧ | આવેલા શીત આદિ પરિષહો | **સમ્યક્ રીતે સહન કર્યાં** |
| ૧૬૨ | ભગવંતની ગતિ | **શાશ્વત અને નિરાબાધ સુખવાળા મોક્ષે (સિદ્ધિગતિ)** |
| ૧૬૩ | મૃત્યુ બાદ સંસ્કાર | **અગ્નિસંસ્કાર,** (દફન આદિ વિધિ નહિ) |
| ૧૬૪ | મોક્ષગમન માસ-તિથી (શાસ્ત્રીય)<br>મોક્ષગમન માસ-તિથી(ગુજરાતી) | જેઠ વદ ૧૩<br>વૈશાખ વદ ૧૩ |
| ૧૬૫ | મોક્ષગમન નક્ષત્ર | ભરણી |
| ૧૬૬ | મોક્ષગમન રાશિ | મેષ |
| ૧૬૭ | મોક્ષગમન કાળ | રાત્રીના પૂર્વ ભાગે |
| ૧૬૮ | મોક્ષગમન ક્યા સ્થાનેથી થયું? | સમ્મેત પર્વતેથી |
| ૧૬૯ | મોક્ષગમન વખતનું આસન | **કાયોત્સર્ગ** |
| ૧૭૦ | આ ભ૦ ની મોક્ષમાં અવગાહના | ૨૬.૬૭ ધનુષ |
| ૧૭૧ | મોક્ષગમન વખતનો તપ | માસક્ષમણ |
| ૧૭૨ | ભગવંત સાથે મોક્ષે જનાર કેટલાં | ૯૦૦ |
| ૧૭૩ | ભ૦મોક્ષ વખતે કયો આરો હતો? | ચોથા આરાના પશ્ચાર્ધ ભાગે |
| ૧૭૪ | ભ૦ ના મોક્ષગમનનો કાળ | **પાદોનપલ્યોપમ ૬૫ લાખ ૮૪ હજાર અને ૮૯ પક્ષ ચોથો આરો બાકી રહેતાં** |
| ૧૭૫ | આ ભ૦ ની યુગાંતકૃત્ ભૂમિ | સંખ્યાત પુરુષ સુધી |
| ૧૭૬ | આ ભ૦ ની પર્યાયાંતકૃત્ ભૂમિ | એક દિવસ આદિ |

| [તીર્થંકર-૧૬- શાંતિનાથ નો પરિચય ૧૮૫ દ્વારોમાં] | | |
|---|---|---|
| ૧૭૭ | ભ૦ માં પૂર્વો કેટલો કાળ રહ્યા? | અસંખ્યાત કાળ સુધી. |
| ૧૭૮ | પૂર્વ કેટલા કાળે વિચ્છેદ પામ્યા? | અસંખ્યાત કાળ પછી |
| ૧૭૯ | ક્રમશ: ભગવંતોનુ અંતર | ભ.શાંતિનાથ પછી અડધા પલ્યો-પમ પછી ભ.કુંથુનાથ નિર્વાણપામ્યા |
| ૧૮૦ | કોના તીર્થે કયું આશ્ચર્ય થયું? | ................................................ ..........કોઈ આશ્ચર્ય થયું નથી........ ................................................ |
| ૧૮૧ | તીર્થમાં ક્યા ચક્રવર્તી થયા? | શાંતિ-જિન સ્વયં ચક્રવર્તી હતા |
| ૧૮૨ | તીર્થમાં ક્યા વાસુદેવ થયા? | કોઈ વાસુદેવ થયા નથી |
| ૧૮૩ | તીર્થમાં ક્યા બલદેવ થયા? | કોઈ બલદેવ થયા નથી |
| ૧૮૪ | તીર્થમાં ક્યા પ્રતિવાસુદેવ થયા? | કોઈ પ્રતિવાસુદેવ થયા નથી |
| ૧૮૫ | ભગવંતને જન્મ વખતે થતાં ૨૫૦ અભિષેકોની વિગત:- વૈમાનિકેન્દ્રો ૧૦, ભવનપતીન્દ્ર ૨૦, વ્યંતરેન્દ્રો ૩૨, ૬૬ ચંદ્રો, ૬૬ સૂર્યો, ૮ શકેંદ્ર અગ્રમહિષી, ૮ ઇશાનેંદ્ર અગ્રમહિષી, ૫ ચમરેંદ્ર અગ્ર મહિષી, ૫ બલીંદ્ર અગ્રમહિષી, ૬ ધરણેંદ્ર અગ્રમહિષી, ૬ ભૂતાનેંદ્ર અગ્ર મહિષી, ૪ વ્યંતર અગ્રમહિષી, ૪ જ્યોતિષ્ક અગ્રમહિષી, ૪ લોકપાલ, ૧ અંગરક્ષક, ૧ સામાનિક, ૧ કટકદેવ, ૧ ત્રાયસ્ત્રીંશક, ૧ પર્ષદાદેવ, ૧ પ્રજાસ્થાનીય દેવ મળીને ૨૫૦ અભિષેક. આ ૨૫૦ X ૬૪૦૦૦ કળશ = ૧ ક્રોડ ૬૦ લાખ અભિષેક થાય. | |


સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ

"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, હાઈવે-ટચ

Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

MOBILE +91 9825967397 _ www.Jainelibrary.org

Email – Jainmunideepratnasagar@gmail.com

# મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ

(M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि)



32 વર્ષમાં 5 ભાષામાં 1,30,000 કરતાં વધુ પૃષ્ઠોમાં

585 પુસ્તક, 4 DVD, 11 યંત્રોના પ્રસ્તુતકર્તા